વટવાપોલીસસ્ટેશનઅમદાવાદશહેર

ફોનનં.-૦૭૯-૨૫૭૧૦૦૭૪/૯૬૩૮૪૭૧૦૬૬

Email ;- polstn-vatva-ahd@gujarat.gov.in

પોલીસકંટ્રોલરૂમટેલીફોનનંબર-૦૭૯-૨૫૬૨૭૫૧૦

# :-*સારી કામગીરી*-:

# લુંટના ઈરાદે થયેલ હત્યાનો ભેદ ઉકેલતી વટવા પોલીસ

# મુળ ઉત્તરપ્રદેશના બે ઈસમોની ધડપકડ

વટવા પોલીસ સ્ટેશન ખાતે ગત તારીખ ૩૧/૧૦/૨૦૧૯ ના રોજ નોંધાયેલ ફાયરિંગ વિથ મર્ડરની ફરિયાદના કામે હકિકત એવી છે કે આ કામના ફરિયાદી બુધ્ધારામ સ/ઓ પકકારામજી હક્કારામજી ચૌધરી ઉ.વ.-૨૪ રહે-દુકાન નં-૦૨ મહાલક્ષ્મી ડેરી આશાપુરા રેસીડન્સી મહાલક્ષ્મી તળાવનીપાસે વટવા અમદાવાદ શહેર તથા મુળગામ-જીવનકલા તા-દેસુરી થાના-રાણી જી-પાલી (રાજસ્થાન) નાઓના ફોઈના દિકરા દિનેશકુમાર માલારામ ચૌધરી ઉ.વ.-૨૮ રહે- સત્યમ સાગર સોસાયટી ગલી નં-૦૪ બચુભાઇના કુવા પાસે વટવા અમદાવાદ શહેર મુળા ગામ-ભાદરલાવ તા-દેસુરી થાના-રાણીજી-પાલી (રાજસ્થાન) નાઓને પોતાની વટવા ખાતેની આશપુરી રેસીડેન્સી ની દુકાન નં.૧૫ મહાલક્ષ્મી પ્રોવિઝન સ્ટોર માં રાત્રિના અગિયારેક વાગ્યાના પહેલા કોઈપણ સમયે અજાણ્યા ઈસમોએ કોઈ અગમ્ય કારણોસર ગરદનના ભાગે ગોળી મારી મોત નિપજાવી નાસી ગયેલ હોય. જે કામે વટવા પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુરનં. ૧૨૫/૨૦૧૯ ધી ઈપીકો કલમ-૩૦૨, ૧૧૪ ૧૨૦બી, તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)બી,એ, તથા ૨૭ તથા જી.પી. એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ.

ફાયરિંગ વિથ મર્ડરનો ગુનો ગંભીર પ્રકારનો અતિસંવેદનશીલ હોય તાત્કાલિક ઉપરી અધિકારીઓને જાણ કરવામાં આવેલ જેથી પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ અમદાવાદ શહેરનાઓ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી નિપુણા તોરવણે સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી બિપીન અહિરે સાહેબ ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.બી.રાણા સાહેબ 'જે'ડીવીઝન અમદાવાદ શહેર નાઓના સીધા અને સતત માર્ગદર્શન હેઠળ જુદી જુદી ચાર ટીમો બનાવી તેમજ CCTV ફૂટેજ, હ્યુમન સોર્સ, શંકાસ્પદ ઈસમોની પુછપરછ, ટેકનીકલ વર્ક આઉટની કામગીરી સોપવામાં આવેલ.

જેમાં સર્વેલન્સ સ્ક્વોડ પો.સ.ઈ. પી.કે.ગઢવી અને ટીમને યુ.પી. ઓરૈયા તેમજ આગ્રા ખાતે શંકાસ્પદ ઈસમોની તપાસમાં મોકલવામાં આવેલ પો.સ.ઈ. વી.એમ.સાટીયા તથા ઈસનપુર સર્વેલન્સ સ્ક્વોડ પો.સ.ઈ. વી.એમ.ભરવાડ નાઓને અલગ અલગ બે ટીમો સાથે રાજસ્થાનના પાલીના સોજત પોલીસ સ્ટેશન વિસ્તારમાં અને જયપુરના કોટપુતલી વિસ્તારમાં મુખ્ય સુત્રધારની માહીતી એકત્રીત કરવા તપાસમાં લગાવેલ હતા.

આ અનડીટેક "લુંટ વીથ મર્ડર" ના ગુનામાં CCTV ફુટેજ,ટેકનીકલ સોર્સ, હ્યુમન સોર્સના આધારે ડી.સી.પી. ઝોન–૬ બિપીન અહીરે સાહેબના સીધા માર્ગ દર્શન હેઠળ બે ઈસમો (૧)નંદકિશોર ઉર્ફે નંદુ રાજારામ શર્મા રહે– મ.ન–૮૧, વલ્લભપાર્ક ટેનામેન્ટ, વટવા અમદાવાદ શહેર તથા મૂળવતન ગામ–પરસુ થાના–સાહેલ જી.–ઓરૈયા યુ.પી. તથા (૨) મનીષભાઈ મહેશભાઈ શર્મા ઉવ.૨૬ રહે– ડી/૨૦૨ દેવમાણેક રેસીડન્સી વટવા સ્મશાનની બાજુમાં કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર તથા મુળવતન– ગામ– મઈબટ્રેશ્વર થાના–બટ્રેશ્વર તા.જીલ્લો–આગ્રા ઉત્તરપ્રદેશ નાઓએ "લુંટ વીથ મર્ડર" માં ગુનાને અંજામ આપવા વપરાયેલ અપાચી મો.સા. સાથે તા.૧૨/૧૧/૨૦૧૯ ના રોજ ધરપકડ કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપી નંદકિશોર ઉર્ફે નંદુ રાજારામ શર્મા નાઓ તા.૩૧/૧૦/૨૦૧૯ ના રોજ (૧) દયાલસિંગ સ/ઓ મનોહરસિંગ રાજપુત તથા (૨) શ્રવણકુમાર બંશીલાલ જોષી સાથે અપાચી બાઈક ઉપર લુંટ કરવામાં સાથે હતા અને કરીયાણા સ્ટોર માલીક પ્રતિકાર કરતા તરત જ આરોપી દયાલસિંગ સ/ઓ મનોહરસિંગ રાજપુતએ ફાયરીગ કરતા દુકાન માલીક દિનેશકુમાર ચૌધરી ઢળી પડેલ અને નંદકિશોર ઉર્ફે નંદુ રાજારામ શર્માએ રૂ.૩૫૦૦/– દિનેશકુમારના ખિસ્સામાંથી કાઢી લીધા બાદ ડર લાગતા બીજા પૈસા લીધા વિના જતા રહેલ હતા.

પકડાયેલ આરોપી મનીષભાઈ મહેશભાઈ શર્માની પુછપરછ કરતાં હકિકત એવી છે કેગઈ તા.૩૧/૧૦/૨૦૧૯ ના રોજ હાલના પકડાયેલ નંદકિશોર ઉર્ફે નંદુ રાજારામ શર્મા તથા નહિ પકડાયેલ (૩) દયાલસિંગ સ/ઓ મનોહરસિંગ જાતે–રાજપુત રહે– સાલવા ખુર્દ, થાના–પીપાડ શહેર જીલ્લો–જોધપુર રાજસ્થાન રાજ્ય તથા (૪) શ્રવણકુમાર બંશીલાલ જોષી ઉ.વ–૩૩ રહે– ૪૦૪, સમોર રેસીડન્સી, કેનાલપાસે, વટવા અમદાવાદશહેરમુળ વતન ગામ– મોરસીમ, થાના, તહેસીલ––વાગોડા જી.જાલોર રાજસ્થાન નાઓએ વટવા ખાતે ધનલક્ષ્મી કરીયાણાની દુકાનમાં લુંટ કરવા સારૂ અપાચી બાઈક ચોરી કરેલ હતી તે પુરી પાડેલ હતી. જે અપાચી બાઈક કાગડાપીઠ પો.સ્ટે. વિસ્તારમાંથી ચોરી કરેલ હતી.

આ બનાવમાં ફાયરીગ કરનાર મુખ્ય આરોપી દયાલસિંગ સ/ઓ મનોહરસિંગ જાતે–રાજપુત રહે– સાલવા ખુર્દ, થાના–પીપાડ શહેર જીલ્લો–જોધપુર રાજસ્થાનની તપાસમાં રાજસ્થાન ખાતે તપાસમાં ગયેલ વટવા ટીમના પો.સ.ઈ. પી.કે.ગઢવી તથા જયપુર રૂલરના કોટપુતલી પોલીસ દ્વારા મુખ્ય આરોપી

દયાલસિંગ સ/ઓ મનોહરસિંગ રાજપુત હથિયાર સાથે પકડી લીધેલ છે. જે રાજસ્થાન ખાતે કોટપુતલી પો.સ્ટે.ના ગુનામાં વોન્ટેડ હોય ત્યાં ગુનાના કામે અટક કરેલ છે. જેને ટ્રાન્સફર વોરંટથી મેળવવા તજવીજ ચાલુ છે.

મુખ્ય આરોપી દયાલસિંગ સ/ઓ મનોહરસિંગ જાતે-રાજપુત વિરૂધ્ધ રાજસ્થાનમાં (1)155/2015IPC -379 (2) 221/2014 IPC-379 (3) 191/2012 IPC-379 (4)208/2012 IPC-379 (5) 67/2013 IPC-379 (6) 202/2014 IPC-379 (7) 301/2014 IPC-379 (8) 58/13 IPC-379 (9) 209/2014 IPC-379 (10) 01/2018 IPC-457,380 (11) 138/2018 IPC-457,380 (12) 115/2018 IPC-457,380 (13) 181/2018 IPC-457,380 (14) 170/2018 IPC-457,380 (15) 121/2018 IPC-457,380 (16) 105/2018 IPC-342,376, Pocso act-3(1)(r)(s)3(2)(va) sc/st Act મુજબના તથા લુંટના અન્ય ગુનાઓ દાખલ થયેલ છે.

આ ગુનામાં આરોપીઓ (૧) નંદકિશોર ઉર્ફે નંદુ રાજારામ શર્મા રહે-મ.નં-૮૧, વલ્લભપાર્ક ટેનામેન્ટ વટવા અમદાવાદ શહેર મૂળ વતન ગામ-પરસુ થાના-સાહેલ જી.-ઓરૈયા ઉત્તરપ્રદેશ તથા (૨) મનીષભાઈ મહેશભાઈ શર્મા ઉવ.૨૬ રહે- ડી/૨૦૨ દેવમાણેક રેસીડન્સી વટવા સ્મશાનની બાજુમાં કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર તથા મુળવતન- ગામ- મઈબટ્રેશ્વર થાના-બટ્રેશ્વર તા.જીલ્લો-આગ્રા ઉત્તરપ્રદેશનાઓને તા-૧૨/૧૧/૨૦૧૯ અટક કરી પકડાયેલ આરોપી તથા નહી પકડાયેલ આરોપી કોઈ આંતર રાજ્ય ગેંગના સભ્ય છે કે કેમ ?, અને તેઓએ આ ગુના સિવાય અન્ય કોઈ ગુનાને અંજામ આપેલ છે કેમ ?,તેની વધુ પુછ પરછ ચાલુ છે.

આમ એકંદરે ઉપરોક્ત બનેલ "લુંટ વીથ મર્ડર"ના ગુનામાં (૧) પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ અમદાવાદ શહેર (૨) સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી નિપુણા તોરવણે સાહેબ (૩) નાયબ પોલીસ કમિશ્નર શ્રી બિપીન અહિરે સાહેબ ઝોન-૬ તથા (૪) મદદનીશ પોલીસ કમિ. શ્રી આર.બી.રાણા સાહેબ 'જે' ડીવીઝન અમદાવાદ શહેર નાઓના સીધા અને સતત માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની ટીમમાં પો.સ.ઈ.પી.કે.ગઢવી તથા પો.સ.ઈ.વી.એમ.સાટીયા તથા ઈસનપુર પો.સ.ઈ. વી.એન.ભરવાડ તેમની સાથેના માણસો ની ટીમો દ્વારા બે ઈસમોને પકડી પાડેલ છે અને લુટ કરવાના ઈરાદે મર્ડર કરેલાનુ જણાય આવેલ છે. આ સમગ્ર કેસમાં હ્યુમન સોર્સની હકિકત હે.કો. શૈલેન્દ્રસિહ બટુકસિહ દ્વારા મેળવવામાં આવેલ છે.


વટવા
પોલીસ સ્ટેશન

